



રામ નવમી - ભગવાન રામનો જન્મોત્સવ ભારે ધામધૂમથી શહેરના મંદિરોમાં ઉજવાયો હતો. ભારતીય સંસ્કૃતિના ધરોહર સમા ભગવાન રામચંદ્રજીનો જન્મ ચૈત્ર સુદ-૯ને બપોરે ૧૨ કલાકે ભક્તિભાવભર્યા વાતાવરણમાં ઉજવાય છે... પંચદેવ મંદિર સહિત શહેરના અનેક રામમંદિરો, હનુમાનજીના મંદિરો અને અન્ય મંદિરોમાં ઉજવણીમાં હજારો ભાવિકો જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

# સોમવારથી ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમ-૨ની પરીક્ષા

**આજે વિદ્યાર્થીઓ નંબર જોઈ શકશે : જિલ્લામાંથી ૫૬૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે**

ગાંધીનગર, તા.૨૮

ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડ પરીક્ષા પૂર્ણ થયા બાદ ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષા તા. ૩૦ માર્ચથી શરૂ થશે. જિલ્લાના ૨૬ બિલ્ડીંગોમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. જિલ્લાના ૫૬૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચના બીજા સપ્તાહમાં લેવાયેલી ધો-૧૦ અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પૂર્ણ થયા બાદ મહીનાના અંતમાં ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષા લેવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં ૨૬ બિલ્ડીંગો પર પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. જિલ્લામાંથી ૫૬૦૦ વિદ્યાર્થીઓ સેમેસ્ટર-૨ની પરીક્ષા આપશે. ધો-૧૧ સેમેસ્ટર-૨ની પરીક્ષા દરમિયાન પણ કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય તેમજ કોપી કેસના બનાવ અટકાવવા દરેક પરીક્ષા સ્થળોએ ટેબલેટ તેમજ સી.સી.ટી.વી. કેમેરાની વોચ ગોઠવવામાં આવશે. પરીક્ષાને અનુલક્ષી ૨૯ માર્ચ રવિવારના રોજ પરીક્ષાર્થીઓ પોતાના નંબરની બેઠક વ્યવસ્થા જોઈ શકે તે માટે પરીક્ષા સ્થળો ખુલ્લા રાખવામાં આવશે. જેના આધારે વિદ્યાર્થીઓ પોતાની બેઠક વ્યવસ્થાનો ક્રમ જોઈ શકશે. ધો-૧૦ અને ૧૨ બાદ ધો-૧૧ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી શિક્ષણ બોર્ડ દ્વારા જરુરી તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ પણ પરીક્ષા લક્ષી તૈયારીમાં વ્યસ્ત છે.

# શહેરમાં રામનવમીની ભક્તિપૂર્ણ ઉજવણી

**નગરના મંદિરોમાં બરાબર બપોરે ૧૨ વાગે રામ જન્મોત્સવ ઉજવાયો : શ્રદ્ધાળુઓએ ભાવપૂર્વક દર્શન કરી મહાઆરતીનો લાભ લીધો : ઠેર ઠેર સુંદરકાંડના પાઠ યોજાયા : હોમ-હવન અને મહાપ્રસાદના પણ આયોજનો કરાયા : અનેક લોકોએ નવા વાહનની ખરીદી, ગૃહ પ્રવેશ, દુકાન શુભારંભ વગેરે કાર્યો હાથ ધર્યા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં આજે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામનો જન્મોત્સવ ભારે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. રામનવમી નિમિત્તે શહેરના વિવિધ મંદિરોમાં રામ જન્મોત્સવનું આોજન કરાયું હતું. જેમાં શ્રદ્ધાળુઓએ ભાવપૂર્વક ભાગ લીધો હતો. નવા શુભારંભ માટે શુભ દિવસ મનાતા રામનવમીએ લોકોએ વાહન ખરીદીથી લઈને દુકાનના ઉદ્‌ઘાટનો વગેરે યોજ્યા હતા.

રામનવમીના પવિત્ર દિવસે ભગવાન રામની સાથે માતા જાનકી, ભાઈ લક્ષ્મણ અને પરમ ભક્ત હનુમાનજીની પણ વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી હતી. રામ જન્મોત્સવમાં બપોરે ૧૨ વાગે ભગવાન રામની આરતી, ભજન અને ધૂન કરાયા હતા. તેમજ સુંદરકાંડના પાઠ અને હોમ હવન સહિત મહાપ્રસાદના આયોજનો પણ અનેક સ્થળે કરવામાં આવ્યા હતા. નગરમાં સે. ૨૨ના પંચદેવ મંદિરે સે. ૧૭ના હનુમાનજી મંદિર, સે. ૩૦માં ઝુલેલાલ મંદિર, સિંધુધામ, સે. ૧માં સમદર્શન આશ્રમ અને ગાયત્રી શક્તિપીઠ, સે. ૪ના ઓમકારેશ્વર મહાદેવ, સે.૬ના ભુવનેશ્વર

● અનુસંધાન પાન-૭ પર

# સે-૩૦ પ્રોટેકટેડ ફોરેસ્ટમાં આગ

**અડધા કિ.મી. વિસ્તારમાં આગ પ્રસરી : આગને કાબુમાં લાવવા ફાયર ફાયટરની ત્રણ પાઈપો જોડીને ૧૦ હજાર લીટર પાણીનો મારો ચલાવાયો : જાહેરમાં કચરો ન સળગાવવા સુપ્રીમ કોર્ટના આદેશ બાદ પણ સરેઆમ કચરો સળગાવાય છે**



ગાંધીનગર, તા.૨૮

સુપ્રિમ કોર્ટનો આદેશ છે કે જાહેરમાં કોઈ પણ પ્રકારનો કચરો સળગાવવો નહી તેમ છતાં ગાંધીનગરમાં મહાનગર પાલિકાના સફાઈ કર્મીઓ દ્વારા બિન્દાસ્ત જાહેરમાં કચરો સળગાવવામાં આવે છે. પાટનગરમાં સુકા પાંદડાઓનો કચરો વિશેષ હોય છે તેથી આમ તેમ પાંદડા ઉડે નહી તે માટે સફાઈ કામદારો તેને સળગાવી નાંખે છે જેને કારણે પ્રોટેકટેડ ફોરેસ્ટમાં આગ લાગવા જેવી ઘટનાઓ બનતી રહે છે. અગાઉ પણ આવી ઘટનાઓ શહેરમાં બની છે પરંતુ તંત્ર આ પ્રવૃત્તિને રોકવાનો પ્રયાસન કરતી હોવાથી આજે વધુ એક વાર રક્ષીત વન વિસ્તાર સે-૩૦ ખાતે આગ ભભુકી ઉઠી હતી.

સેકટર-૩૦નાં રક્ષીત વન વિસ્તારમાં આજે સવારે ભડકેલી આગ અડધા કિલોમીટરના વિસ્તાર સુધી પ્રસરી હતી ગાંધીનગર ફાયર બ્રિગેડને કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ફાયર ફાયટરની ત્રણ મોટી પાઈપો જોડીને પાઈપ લાંબી કરી પાણીનો મારો ચલાવવો પડયો હતો. ૧૦ હજાર લીટર જેટલું પાણી છાંટીને આગને કાબુમાં લેવામાં આવી હતી. અવારનવાર રક્ષિત વનવિસ્તારમાં લાગતી આગને ગંભીરતાથી લઈને તંત્ર એ સખત કાર્યવાહી કરવાની જરૂર છે. આ બાબતને ગંભીરતાથી લઈને પર્યાવરણ પ્રેમીઓ કે જે પંચામૃત ભવનના નિર્માણ માટે કપાનાર વૃક્ષો બચે તેની લડતમાં જોડાયેલા છે તે લોકો મેયર અને મહાનગરપાલિકાના કમિશનરને આવેદનપત્ર પણ પાઠવનાર છે.

## પર્યાવરણ બચાવ અભિયાન સંદર્ભે આજે અગત્યની બેઠક

ગાંધીનગર, તા. ૨૮

સચિવાલય વિધાનસભા નજીક નિર્માણ પામનાર પંચામૃત ભવન યોજનાને કારણે વન વિસ્તારને થતી ગંભીર હાનીને રોકવાના આશયથી પ્રારંભાયેલા પર્યાવરણ બચાવ અભિયાન અંગેની મહત્વની બેઠક આવતીકાલ તા. ૨૯મી માર્ચ, ૨૦૧૫ રવિવારના રોજ સાંજે ૫ કલાકે ઘ-૪ સર્કલ નજીકના બગીચામાં રાખવામાં આવેલ છે. જેમાં અભિયાનને મક્કમતાથી આગળ ધપાવવા માટેના ભાવિ કાર્યક્રમો ઘડી કાઢવા ઉપરાંત મહત્વની સમિતિની રચના પણ કરવામાં આવનાર છે.

# જીઆઈડીસી સ્ટેટ બેંક બ્રાન્ચમાં રૂ. ૩૫.૫૧ લાખનો નકલી ચેક ભરી ઠગાઈનો પ્રયાસ

**એક મેમોરીયલ ટ્રસ્ટના નામનો ચેક જમા કરાયો હતો : શંકા જતા બેંક મેનેજરે ક્રોસ ચેકીંગ કરતાં આવો કોઈ ચેક ઈસ્યુ જ કર્યો ન હોવાનું ધ્યાને આવ્યું**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સે. ૨૫ જીઆઈડીસી ખાતે સ્થિત એસબીઆઈની બ્રાન્ચમાં ફેબ્રુઆરી માસમાં એક મેમોરેબલ ટ્રસ્ટના નામનો રૂ. ૩૫.૫૧ લાખનો ચેક જમા કરાયોહતો. ટ્રસ્ટ દ્વારા આવો કોઈ ચેક ઈસ્યુ જ કરવામાં આવ્યો ન હોવાનું બેંક મેનેજરના ક્રોસ વેરીફીકેશનમાં બહાર આવતા ચકચાર મચી જવા પામી છે. બોગસ ચેક રૂ. ૩૫.૫૧ લાખનો ભરીને બેંક સાથે વિશ્વાસઘાત તથા ઠગાઈનો પ્રયાસ કરનાર અજાણ્યા શખ્સ સામે બેંક મેનેજરે સે. ૨૧ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયેલા તે શખ્સની શોધખોળ પોલીસે શરૂ કરી છે.

મળતી વિગતો અનુસાર ૧૧ ફેબ્રુઆરીએ શહેરના સે. ૨૫ જીઆઈડીસી વિસ્તારમાં સ્થિત એસબીઆઈ બેંકની બ્રાન્ચમાં રૂ. ૩૫.૫૧ લાખનો ચેક જમા થયો હતો. એક મેમોરીયલ ટ્રસ્ટના નામે ચેક લખી કરંટ ખાતામાં જમા કરાયેલા આ ચેક અંગે આસીસ્ટન્ટ કેશીયરને શંકા જતાં બ્રાન્ચ મેનેજરનું ધ્યાન દોર્યુ હતું. બ્રાન્ચ મેનેજર પ્રણવ સરકારે સંબંધીત ટ્રસ્ટમાં ક્રોસ વેરીફીકેશન કરતાં તે ટ્રસ્ટ દ્વારા કોઈ ચેક ઈસ્યુ જ કરવામાં આવ્યો ન હોવાનું જાણવા મળતા કોઈ વ્યક્તિ ફ્રોડ કરી રહ્યો હોવાનું ધ્યાને આવ્યું હતું. બેંક મેનેજર પ્રણવ સરકારે સે. ૨૧ પોલીસમથકમાં અજાણ્યા શખ્સ સામે ફરીયાદ આપતા પીએસઆઈ બી.કે. અસારીએ કલમ ૪૦૬, ૫૧૧ મુજબ ગુનો દાખલ કરી બેંકના સીસીટીવી ફુટેજ મેળવીને તેમા કેદ થયેલા આરોપી સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

# પત્નીની બિમારીના આધારે છૂટાછેડા લેવા માંગતા પતિની અરજી રદ

**ફેમિલી કોર્ટનો ઐતિહાસિક ચુકાદો ૧૦ હજાર ખર્ચ ચુકવવા પણ આદેશ**

ગાંધીનગર, તા. ૨૮

પત્ની માનસિક બિમારીથી પીડાતી હોવાના આધારે પતિ દ્વારા રજૂ કરાયેલી છુટાછેડાની અરજી ગાંધીનગર ફેમિલી કોર્ટે રદ કરી પતિને ખર્ચ પેટે રૂ. ૧૦ હજાર પત્નીને ચુકવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર અનિલસિંહ વિજયસિંહ રાજપૂતના લગ્ન તા. ૨૮ મે વર્ષ-૨૦૦૨ના રોજ અમદાવાદ ખાતે થયા હતા. લગ્ન જીવન દરમિયાન તેઓને ત્યાં પુત્રનો જન્મ થયો હતો. લગ્નના ૬ માસમાં અનિલસિંહને અનુભવ થયો હતો કે તેમની પત્ની સાઈઝોફેનીયા નામની માનસિક બિમારીથી પીડાય છે. તેણીના પતિ દ્વારા આ અંગેની અરજ એમ.ટી. કોર્ટ ગાંધીનગરમાં પણ દાખલ કરવામાં આવી હતી. પરંતુ પત્નીની હાલત અને વર્તન સુધરી જશે તેમ માની આ અરજી પાછી ખેંચી લીધી હતી. વર્ષ-૨૦૧૦થી બન્ને વચ્ચેના સંબંધો અસંતોષકારક બની ગયા હતા. પતિએ કોર્ટ સમક્ષ કરેલી અરજીમાં વધુમાં જણાવ્યા મુજબ લગ્ન પહેલા તેણી માનસિક બિમારી માટેની દવા તેમજ સારવાર માનસિક રોગના નિષ્ણાંત પાસેથી લેતા હતા. પોતાની સાથે છેતરપીંડી અને કપટ કરી પત્નીની માનસિક બિમારી અંગે પતિને જાણ કરવામાં આવી ન હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર


Little Angels' School

Address:- 682/2 Govt Qtrs, G-1 Type, Sector-8, Ph no. 232 45153

Monday to Friday, between 9 am to 2 pm

ADMISSIONS OPEN NOW

( From Playgroup, LKg, UKg, Std I to Std VIII)



Let your child into beautiful world of Little Angels' where he or she learns, plays and grows. With a group of hand picked teachers, we assure you, your child is in safe hands. Learning while you play, and playing as you grow...

Welcome to Little Angels' School.

Admissions open now.

II શ્રી ગણેશાય નમઃ II

શુભારંભ તા. ૨/૪/૨૦૧૫ને ગુરૂવારથી

જય અન્નપૂર્ણા ફૂડ સપ્લાયર્સ

દરરોજ સ્વાદિષ્ટ લંચ તથા ડીનર આપના ઘર, ઓફીસ, દુકાન, હોસ્ટેલ, હોસ્પિટલ માટે મેળવવા સંપર્ક કરો.

: ઓર્ડર નોંધાવવાનો સમય :

લંચ - સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ ડીનર - સાંજે ૫-૦૦ થી ૬-૩૦

દરેક બર્થ ડે પાર્ટી, કિટ્ટી પાર્ટી, રીંગ સેરેમની, મેરેજ, રીસેપ્શન માટે ગુજરાતી, પંજાબી, ચાઈનીઝ, સાઉથ ઈન્ડીયન, ફાસ્ટફુડ તથા દિલ્હી ચાટની ફુલ ડીશના કોન્ટ્રાક્ટ માટે સંપર્ક કરો

સંપર્ક : ચિન્ટુ કુન્દનલાલ પટેલ :

પ્લોટ-૩૦૬/એ/૨, મંગલમૂર્તિ પાર્ક, સેક્ટર-૮, ગાંધીનગર

મો. ૯૯૨૫૪૬૬૪૯૦, ૯૮૨૫૭૧૯૯૮૬, ૮૭૩૪૯૭૧૯૩૩

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT | Kisan | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI

BENELAVE BATH FITTINGS | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ

● ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
● અદ્યતન કીચન તથા વોશ એરીયા
● બાળકો માટે પ્લે એરીયા
● વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● અલગ Groom અને Bridle રૂમ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે

બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...

વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩

વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com